# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૯ તા.૦૮-૦૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

અંતિમ દિવસ /ખૂબ અગત્યનું

વિષયઃ-કોરોના વેક્સિન લેવા બાબત

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદના મુખ્ય શિક્ષક/શિક્ષકો/કર્મચારીઓ કે જેમણે કોરોના વેક્સિન લીધેલ નથી તેમને આવતી કાલે તા.૯-૦૨-૨૦૨૧ના રોજ નીચે જણાવેલ સ્થળે સવારે ૮-૩૦ કલાકે બિનચૂક વેક્સિન લેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | ઉત્તર પશ્ચિમ, દક્ષિણ પશ્ચિમ, પશ્ચિમ તથા મધ્ય | પંડિત દિનદયાલ હોલ, બોડકદેવ |
| ૨ | ઉત્તર, દક્ષિણ ,પૂર્વ , હિન્દી, ઉર્દૂ,અંગ્રેજી | મંગળપાંડે હોલ, નિકોલ |

તા.૦૮-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૧૧૯-A તા.૦૮-૦૨-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મ્યુનિ. પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની પૂર્ણ દિવસની ૧૦૦% હાજરી બાબત.

સંદર્ભ :- ક્ર.: પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/૧૪૪૯-૧૫૦૪ તા.૦૬-૦૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કોવિડ-૧૯ મહામારીને કારણે સરકારશ્રી દ્વારા માર્ચ-૨૦૨૦માં લોકડાઉન અમલી થતા તમામ શાળાઓમા પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરવામાં આવેલ હતું અને હોમ લર્નિંગના માધ્યમથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી હતી.

હાલમાં ગુજરાત રાજયમાં કોવિડ-૧૯ના કેસોનું પ્રમાણ ઘટતા કોરોનાની સ્થિતિ નિયંત્રણ હેઠળ આવતી જણાતા સરકારશ્રી દ્વારા પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા તમામ શિક્ષકો માટે રોટેશન બેઝીસ પર ફરજ પર ઉપસ્થિત રહેવા માટેની અગાઉની તમામ સૂચનાઓ રદ કરીને તેના સ્થાને તા.૦૯-૦૨-૨૦૨૧થી આ સાથે સામેલ સંદર્ભિત સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

નોંધ :- વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શાળામાં બોલાવવાના નથી.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૮-૦૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**By E-mail**

ક્ર: પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/૧૪૪૯-૧૫૦૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
સેક્ટર-૧૦, ગાંધીનગર
તા.૦૬/૦૨/૨૦૨૧

પ્રતિ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય- રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની પૂર્ણ દિવસની ૧૦૦% હાજરી બાબત
સંદર્ભ: ૧.શિક્ષણ વિભાગના જાહેરનામા ક્ર : પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)/વ-૨, તા.૨૧/03/૨૦૨૦
૨.આ કચેરીના સિંગલ ફાઇલ ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૧/03,તા.૧૯/૦૧/૨૦૨૧

કોવીડ-૧૯ ની મહામારીના કારણે સરકારશ્રી દ્વારા માહે માર્ચ-૨૦૨૦માં લોકડાઉન અમલી થતા ગુજરાત રાજયમાં તમામ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવેલ હતું. હાલમાં પણ ગુજરાત રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ છે અને Home Learning ની સૂચનાઓને ધ્યાને લઇને હાલમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. લોકડાઉનના સમયગાળા બાદ શાળામાં શિક્ષકોની હાજરી બાબતે પ્રસિદ્ધ થયેલ સૂચનાઓનો અમલ હાલમાં પણ ચાલુ છે.

ત્યારબાદ, માહે જાન્યુઆરી ૨૦૨૧માં ઉચ્ચ કક્ષાએ મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ રાજયમાં આવેલ તમામ બોર્ડની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ ૧૦ અને ૧૨ ના વર્ગો તા.૧૧/૦૧/૨૦૨૧થી અને ધોરણ ૯ અને ૧૧ના વર્ગો તા.૦૧/૦૨/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય માટે જરૂરી સૂચનાઓ સાથે પુન: શરૂ કરવામાં આવેલ છે.

હાલમાં ગુજરાત રાજયમાં કોવીડ-૧૯ નાં કેસોનું પ્રમાણ ઘટતુ જાય છે અને કોરોનાની સ્થિતિ નિયંત્રણ હેઠળ આવતી જાય છે તે સંજોગોને ધ્યાને લઇને, સરકારશ્રી દ્વારા પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં તમામ શિક્ષકો માટે રોટેશન બેઝીસ પર ફરજ પર ઉપસ્થિત રહેવા માટેની અગાઉ આપવામાં આવેલ સૂચના રદ્દ કરીને તેને સ્થાને તારીખ ૦૯/૦૨/૨૦૨૧થી નીચે મુજબની સૂચનાઓનો અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

- રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સવારના બદલે પૂર્ણ સમયનો કરવાનો રહેશે.
- ઉક્ત પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની હાજરી ૧૦૦% રાખવાની રહેશે.

Scanned with CamScanner

➢ શિક્ષકો તથા મુખ્ય શિક્ષકોએ શાળામાં હાજર રહી સ્કૂલ એક્રિડિએશન, શેરી શિક્ષણનું મૂલ્યાંકન, એકમ કસોટી ચકાસણી કરી તેની ડેટા એન્ટ્રી જેવી શિક્ષણલક્ષી કામગીરી કરવાની રહેશે.

➢ "વિદ્યાર્થીઓને કોઇપણ સંજોગોમાં શાળામાં બોલાવવાના નથી." તે બાબતનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

➢ ઉક્ત સૂચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે મુજબની સૂચના આપની કક્ષાએથી તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/કેળવણી નિરીક્ષક/બીઆરસી/સીઆરસી અને તમામ મુખ્ય શિક્ષક તથા શિક્ષકોને આપવાની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય રવાના :-
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણ(રા.ક.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner